પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૩૨ | ૨૧ જુલાઈ, ૨૦૧૮, શનિવાર; અષાઢ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### માત્ર પાંચ ગ્રુપમાં ફોરવર્ડ મેસેજ મોકલી શકાશે

વોટ્સએપ તેના ભારતીય યુઝર્સ માટે મોટો નિર્ણય લેવા જઈ રહી છે. વોટ્સએપ દ્વારા ફેલાતી અફવાઓ અને મોબ લીચિંગની ઘટનાઓને રોકવા માટે કંપની હવે ફોરવર્ડ મેસેજની સીમા નક્કી કરવા જઈ રહી છે. તે અનુસાર વોટ્સએપ દ્વારા હવે માત્ર પાંચ જ ગ્રુપમાં ફોરવર્ડ મેસેજ મોકલી શકાશે.

### દિલ્હી ટ્રાફીક મુદ્દે સુપ્રિમનુ આકરૂ વલણ

સુપ્રિમ કોર્ટે દિલ્હીમાં ટ્રાફિક જામને ઓછુ કરવા દબાણોને દૂર કરવાનો આદેશ કર્યો છે. કોર્ટે દિલ્હીમાં દબાણો અને બોટલનેટ માર્ગોને દુરસ્ત કરવા ફેબ્રુઆરી-૨૦૧૭માં રચવામાં આવેલ માસ ટાસ્ક ફોર્સના રિપોર્ટ પર કેમ અમલ નથી થયો તેનો જવાબ માંગ્યો હતો.

### ગોવામાં બીચ પર દારૂ પીવા પર પ્રતિબંધ

પર્યટકોમાં નારાજગી ફેલાઈ શકે તેવો નિર્ણય ગોવા સરકાર લેવા જઈ રહી છે. આગામી ૧૫મી ઓગષ્ટ બાદ બીચ પર દારૂ પીવા પર પ્રતિબંધ લગાવવામાં આવી શકે છે. બીચ પર ફેલાતા પ્રદૂષણને રોકવા આ પ્રતિબંધ લગાવાશે.

### બદરીનાથ હાઈવે ધોવાયો

ભારે વરસાદના કારણે બદરીનાથ હાઈવે પર ભારે ધોવાણ થયુ હતુ. યાત્રિકોના વાહનોને રોકવામાં આવતા ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. લામબગડમાં વાહનોની કતાર જામી હતી.

# હું ગરીબોના દુઃખનો ભાગીદાર છું : મોદી

**અવિશ્વાસની દરખાસ્તના જવાબમાં પ્રધાનમંત્રી મોદીએ વિરોધપક્ષોને આડેહાથ લીધા : અમને અહીં બેસાડવાની કે ઉભા કરવાની તાકાત માત્ર દેશની ૧૨૫ કરોડ જનતાની જ છે : જેમને પોતાના પર વિશ્વાસ નથી તે અમારા પર શું અવિશ્વાસ વ્યક્ત કરશે : દેશના જવાનોનું મનોબળ તોડવાનું કૃત્ય પ્રવચનો દ્વારા ન કરવા અપીલ કરી હતી : પ્રધાનમંત્રીના સંબોધન દરમિયાન ટીડીપીના સાંસદોએ 'વી વોન્ટ જસ્ટીસ'ના નારા લગાવી અવરોધ ઉભો કર્યો હતો**




નવી દિલ્હી, તા.૨૦

અમને બેસાડવાની કે ઉભા કરવાની તાકાત માત્ર દેશના ૧૨૫ કરોડ દેશવાસીઓની છે. કોઈ વ્યક્તિ કે કોઈ પક્ષની તાકાત અમને ઉભા નહી કરી શકે એવા ઉચ્ચારણ સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અવિશ્વાસ દરખાસ્તના જવાબમાં જણાવ્યું હતું. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વિરોધ પક્ષો પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, અવિશ્વાસની દરખાસ્ત અમારી સરકાર પર નહી પરંતુ દેશમાં અસ્થિરતા ઉભી કરવા માટે લવાઈ છે. અને સૌથી મોટી વાત તો એ છે કે, જેમને પોતાના પર વિશ્વાસ નથી એ અમારા પર કેવી રીતે અવિશ્વાસ વ્યક્ત કરી શકે. નરેન્દ્ર મોદીએ ફ્રાન્સ અને ભારત વચ્ચેના સરંક્ષણની બાબતોના કરારોની વાતો જાહેરમાં કરીને દેશની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા બદલ ક્ષમા માગવી જોઈએ. ફ્રાન્સ અને ભારત બંને દેશોના સત્તાવાર પ્રવક્તાઓએ આ બાબતનું ખંડન કરવું પડ્યું છે તે આપણી કમનસીબી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડોકલામના મુદ્દે ચર્ચા કરવા બદલ વિરોધ પક્ષોને આડેહાથ લીધા

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલ મોદીને ગળે મળ્યા

**રાહુલ ગાંધીના વલણથી મોદી પોતે પણ સ્તબ્ધ : મોદીએ પણ રાહુલ ગાંધીને હાથ મિલાવીને શુભકામના આપી : રાહુલના સંબોધન વખતે મોદી બે વખત હસ્યા**



નવી દિલ્હી, તા. ૨૦

રાહુલ ગાંધી આજે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન આક્રમક દેખાયા હતા. પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન લોકસભામાં એક અજબ નજારો જોવા મળ્યો હતો. પોતાના સંબોધનને પૂર્ણ કર્યા બાદ રાહુલ મોદીને ગળે મળ્યા હતા. એકાએક જ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષના આ પ્રકારના વલણથી એક વખત મોદી પોતે પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ત્યારબાદ મોદી પણ રાહુલ ગાંધીને હાથ મિલાવીને શુભકામના આપતા નજરે પડ્યા હતા. મોદીને ગળે મળ્યા બાદ કહ્યું હતું કે, હિન્દુ હોવાનો મતલબ આજ થાય છે. રાહુલ ગાંધીના આ પ્રકારના વલણથી તમામ લોકો પણ આશ્ચર્યચકિત થયા હતા. બીજી બાજુ લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ પર ઉગ્ર ચર્ચા દરમિયાન આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર જારી રહ્યો હતો. કેટલાક એવા પળ પણ આવ્યા હાત જ્યારે સમગ્ર ગૃહમાં હાસ્ય ફેલાઈ ગયું હતું. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી જ્યારે બોલી રહ્યા હતા ત્યારે ભાષણ દરમિયાન બે વખત એવા નજારા પણ જોવા મળ્યા હતા જ્યારે મોદી હસી પડ્યા હતા.

# લોકસભામાં રાહુલનું આક્રમક સંબોધન

**૧૫ લાખ વ્યક્તિના ખાતામાં ક્યારે આવી રહ્યા છે : ૩૮ મિનિટનો સમય અપાયો હતો જેની સામે રાહુલે એક કલાક સુધી સંબોધન કર્યું : રાફેલ ડિલ, બેરોજગારી, ગરીબી, વિદેશ નીતિ ઉપર રાહુલના પ્રહારો**



નવી દિલ્હી,તા.૨૦

લોકસભામાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત ઉપર ઉગ્ર અને ગરમાગરમ ચર્ચા યોજાઈ હતી. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આક્રમક સંબોધન કર્યું હતું. રાહુલ ગાંધીએ પોતાના સંબોધનમાં અનેક મુદ્દા ઉપર સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કર્યા હતા. રાહુલે એક અલગ જ અંદાજમાં ભાષણ આપીને તમામને રોમાંચિત કરી દીધા હતા. કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધીએ ચર્ચાની જવાબદારી સંભાળી હતી. મોદી સરકાર પર અનેક તેજાબી પ્રહારો કરીને

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલની મોદીને ઝપ્પીને કારણે લોકસભાના અધ્યક્ષ નારાજ

**રાહુલ ગાંધી ગૃહની ગરિમા જાળવી શક્યા નથી : વડાપ્રધાન પદની એક અલગ ગરિમા : ગળે મળ્યા બાદ રાહુલે આંખ પણ મારી**



નવીદિલ્હી,તા. ૨૦

લોકસભામાં વિપક્ષની અવિશ્વાસ દરખાસ્ત પર ચર્ચા દરમિયાન કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ એકપછી એક તેજાબી પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધી પોતાના ભાષણ બાદ નરેન્દ્ર મોદીને ગલે મળવા માટે દોડી ગયા હતા. મોદીને ગળે મળવાના રાહુલના વર્તનથી લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજન પણ નાખુશ દેખાયા હતા. સુમિત્રા મહાજને આ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. લોકસભાના અધ્યક્ષે કહ્યુ હતુ કે રાહુલ ગાંધીનુ વર્તન હૈરાન કરનાર છે. કોંગ્રેસના પ્રમુખનુ વર્તન યોગ્ય દેખાતુ નથી. સ્પીકરે કહ્યુ હતુ કે ગૃહમાં આવા ડ્રામા જોઈને તેઓ પોતે પણ હેરાન છે. વડાપ્રધાન મોદીની એક ગરિમા હોય છે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે ગૃહમાં બેઠા હતા. ગળે મળ્યા બાદ રાહુલ આંખ મારી હતી. આ હરકત પણ ખોટી અને અયોગ્ય છે. લોકસભા અધ્યક્ષે કહ્યુ હતુ કે આ સમજી લેવાની જરૂર છે કે ગૃહની ગરીમા પણ અમારે જ જાળવી રાખવાની જરૂર

● અનુસંધાન પાન-૭ પર

## આજે જીએસટી કાઉન્સિલની બેઠક : રાહતની સંભાવના

**૨૪ થી ૩૨ ઉત્પાદનોના ભાવ ઘટી શકે : હેડિક્રાફ્ટ, હેંડલૂમ આઈટમને ૧૨ ટકાથી ઓછા કરી ૫ ટકાના સ્લેબમાં સમાવાય તેવી શક્યતા**

ન્યુ દિલ્હી,તા.૨૦

૨૧ જુલાઈએ થનાર જીએસટી કાઉન્સિલની બેઠકમાં ગ્રાહકોને મોટી રાહત મળી શકે છે. જીએસટી કાઉન્સિલના લગભગ ૨૪થી ૩૨ ઉત્પાદનોના ભાવ ઓછા કરવાના નિર્ણય પર વિચારણ થઈ શકે છે.

સૂત્રોના મતે, ગ્રાહકોના ઉપયોગમાં થનાર ચીજોના ભાવમાં ઘટાડો કરવામાં આવી શકે છે. તેમાં જોબ વર્ક, દેવી દેવતાઓની મૂર્તિઓ, વર્ષ લીવ્સ પર જીએસટીના ભાવ ઓછા કરવા પર નિર્ણય લઈ શકે છે. કાઉન્સિલની બેઠકમાં એવિએશન સેક્ટરને મોંઘો ફ્યૂલથી રાહત મળવાની આશાઓ ઓછી છે, કારણ કે એટીએફના ભાવમાં ઘટાડોને એજન્ડામાં સામેલ કરવામાં આવ્યો નથી.

હેડિક્રાફ્ટ, હેંડલૂમ આઈટમને ૧૨ ટકાથી ઓછા કરીને ૫ ટકાના સ્લેબમાં લાવવામાં આવી શકે છે, જ્યારે ઈલેક્ટ્રોનિક બુક પર જીએસટીની દર ૧૮ ટકાથી ઓછો કરીને ૫ ટકા કરવામાં આવી શકે છે. તેના સિવાય ઘણા અન્ય જરૂરી આઈટમ્સને ૧૨ ટકાના સ્લેબમાંથી બહાર લાવીને ૫ ટકાના સ્લેબમાં સામેલ કરવામાં આવી શકે છે.

ટૂરિસ્ટ પ્લેસ પર ફરવું અને રોકાવું પણ સસ્તું થઈ શકે છે. કારણ કે હોટલ રૂમના રેન્ટ પર વાસ્તવિક અને જાહેર રેંટની વચ્ચે સ્થિતિ સ્પષ્ટ કરવામાં આવી શકે છે. હોટલ રૂમ પર જાહેર કરાયેલા રેંટના બદલે વાસ્તવિક રેંટ પર જીએસટી લગાવવામાં આવી શકે છે. તેનાથી મોંઘી હોટલ ૧૮ ટકાના સ્લેબમાં આવી જશે.

જીએસટી કાઉન્સિલની બેઠકમાં સિમેન્ટ અને પેન્ટ પર જીએસટી ઘટાડીને ૧૮ ટકા કરવા માટે ચર્ચા થઈ શકે છે. અત્યારે આ ૨૮ ટકા છે. એક સરકારી અધિકારીને આ જાણકારી આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સિમેન્ટ કંપનીઓ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર માટે સિમેન્ટના એક મહત્વ રૉ-મેટેરિયલ હોવાની દલીલ આપતા જીએસટીમાં ઘટાડો કરવા માટેની માંગણી કરી રહ્યા છે.

## ટ્રાન્સપોર્ટર્સની હડતાળના પગલે અબજો રૂપિયાનું નુકસાન

**દેશમાં ૯૫ લાખ ટ્રકો-લક્ઝરીના પૈડા થંભી ગયા : અગત્યના કન્સાઇનમેન્ટ્સ અને માલ-સામાનનું પરિવહન થંભ્યુ :લક્ઝરી બસો ઠપ થતાં હજારો યાત્રી રઝળી પડયા**



અમદાવાદ, તા.૨૦

આજથી દેશભરના ટ્રાન્સપોર્ટર્સની બેમુદતી હડતાળ શરૂ થઈ ચૂકી છે. ગુજરાત સહિત દેશભરમાં આશરે ૯૫ લાખ જેટલી ટ્રકો અને લક્ઝરી બસોના પૈડા થંભી ગયા છે, જેને લઈ અગત્યના કન્સાઈનમેન્ટ્સ અને માલ-સામાનનું પરિવહન પણ થંભી ગયું છે તો, લકઝરી બસો ઠપ્પ થતાં હજારો મુસાફરો રઝળી પડયા હતા. અટવાયેલા મુસાફરો એસ.ટી, રેલ્વે અને ખાનગી ટેક્સના સહારો લેવા મજબૂર બન્યા હતા. તો, આ તકનો ફાયદો ઉઠાવી ટેક્સીવાળાઓ બેથી ચાર ગણાં ભાડા મુસાફરો પાસેથી વસૂલ્યા હતા. ટ્રાન્સપોર્ટ એસોસિયેશનને એક દિવસ માટે સહકાર આપવાના મુદ્દે આજે રાજ્યભરની ખાનગી લક્ઝરી બસ સેવા બંધ રહેતાં હજારો મુસાફરો અટવાયા હતા. ટ્રાન્સપોર્ટર્સની રાષ્ટ્રવ્યાપી હડતાળના કારણે રોજનું અબજો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. અમદાવાદથી ભાવનગર, મહેસાણા કે રાજકોટ, વડોદરા જતી ખાનગી ટ્રાવેલ્સની બસોની કિંમત કરતાં બમણા ભાવ ખાનગી ટેકસી સંચાલકો વસૂલી રહ્યા છે. પ્રવાસીઓ પણ મજબૂરીથી ચૂકવી રહ્યા છે. સૌરાષ્ટ્ર તરફ જતી બસો મોટા ભાગે નહેરુનગર, ગીતામંદિર અને ઈસ્કોન તથા ઉજાલા સર્કલથી પેસેન્જર્સ લે છે. આજે આ તમામ સ્થળોએ મુસાફરોની ભારે ભીડ જોવા મળી હતી. એસટીમાં ઓનલાઈન બુકિંગ કરવા નહીં ટેવાયેલા મુસાફરો એસટી બસમાં બેસવા પડાપડી કરી રહ્યા હતા. અમદાવાદ શહેરથી રાજ્યભરમાં સુરત, રાજકોટ, ભાવનગર, અમરેલી વગેરે સ્થળોએ દર કલાકે ઉપડતી ૫૦૦ જેટલી ખાનગી લકઝરી બસો આજે એક દિવસ માટે બંધ રહી છે.

## ૧૫ ઓગષ્ટથી ફલાઈટમાં ફોન અને ઈન્ટરનેટ વાપરવાની આઝાદી મળશે

ન્યુ દિલ્હી,તા.૨૦

હવે હવાઈ મુસાફરી દરમિયાન તમે મોબાઈલ ફોનનો ઉપયોગ કરી શકશો. ૧૫ ઑગષ્ટથી તમને ફ્લાઈટમાં ફોન કરવાની આઝાદી મળી શકે છે. એટલું જ નહી તમે ફ્લાઈટમાં ઈન્ટરનેટનો ઉપયોગ પણ કરી શકશો. સૂત્રોનાં જણાવ્યા અનુસાર દૂરસંચાર વિભાગે ઈનફ્લાઈટ કનેક્ટિવિટીની ગાઈડલાઈંસ તૈયાર કરી લીધી છે. હવે આની પર એવિએશન અને ગૃહ મંત્રાલય પાસેથી સૂચનો માંગવામાં આવ્યા છે.

ફાઈનલ ગાઈડલાઈન ઑગષ્ટમાં આવી શકે છે. ટ્રાઈની ભલામણો અનુસાર જે કંપનીઓ ફ્લાઈટમાં આ સુવિધા આપવા ઈચ્છશે તેમણે આ માટે અલગથી લાઈસેંસ લેવું પડશે. આ સુવિધા ભારતીય વાયુસીમાની અંદર ઘરેલૂ અને વિદેશી બંને પ્રકારનાં યાત્રિયોને મળશે.

તા.૬/૮ થી શરૂ થતી સાંજે ૬.૩૦ થી ૮ ની બેચમાં જોડાઈ કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો...
નોંધ : વેકેશન બેચીઝમાં એડમીશન ન મેળવી શકનાર અને હજુ પણ વેઈટીંગ લીસ્ટમાં છે તેમને ૩૧/૭ સુધીમાં ફોર્મ ભરવાની પ્રથમ તક આપવામાં આવશે
GPSC Mains ની English વિષયની બેચ દિવાળી બાદ શરૂ કરવામાં આવશે. ૧૫/૮ બાદ ફોર્મ સ્વીકારવામાં આવશે.
GPSC/UPSC માટે "નાણાવટી પબ્લીકેશન"નું 'ન ભૂતો, ન ભવિષ્યતી' જેવું અંગ્રેજી-ગુજરાતી બંને સમજૂતી સાથેનું પુસ્તક દિવાળી ઉપર બહાર પડી રહ્યું
નાણાવટી
The Leader since 1996
સે.૭-બી, અરિહંત અને ઘ-૨ સર્કલ વચ્ચે, ઘ-રોડ
મો.૯૬૨૪૦ ૧૦૫૫૫, ઓફીસ સમય:સવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

બાળકોને પ્રોત્સાહિત કરીએ...
તમારી આસપાસની દરેક જગ્યાને ગ્રીન મીત્રો (પ્લાન્ટ્સ)થી સજાવીને શુદ્ધ હવા, આંખને ઠંડક, મનમાં પોઝીટીવીટી અને સ્ટ્રેસ વગરનું નેચરલ વાતાવરણ ઉભુ કરીએ...
દરેક શુભપ્રસંગે મીની પ્લાન્ટ ગીફ્ટ આપીએ...
Lush PLANTS
પ્લોટ નં. ૧૨૪૨/૧, સેક્ટર-૭/ડી, ગાંધીનગર. મો. 98248 33440
Email : bindidave75@gmail.com
બોનસાઈ, મીનીએચર ગાર્ડન (ટ્રે ગાર્ડન), ડેકોરેટીવ પ્લાન્ટ્સ, સીરામીક પોટ, ડેકોરેટીવ સ્ટોન, ખાતર અને દવા. બાલ્કની, કોર્ટીયાર્ડ અને લેન્ડસ્કેપીંગ માટે સંપર્ક કરો.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹48*/1 L
અમૂલ
ટી - સ્પેશ્યલ દૂધ




*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply. For any clarification please contact us on 079 - 23969055 / 56/ 57.